આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૭-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા ચુંટણી- બીજા તબક્કાનું મતદાન

લોકસભાની ગઈકાલે યોજાયેલી બીજા તબક્કાની ચૂંટણીમાં **12** રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની **88** બેઠકો માટે **53** થી **76** ટકા મતદાન થયું છે.

દરમિયાન લોકસભાની આગામી **20**મી મેના યોજાનારી પાંચમા તબક્કાની ચૂંટણીમાં **49** બેઠકો માટે ગઈકાલે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ થયો છે. આગામી **3**જી મે સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

પાંચમા તબક્કામાં ઉત્તરપ્રદેશની લોકસભાની **14**, મહારાષ્ટ્રની **13**, પશ્ચિમ બંગાળની **7**, ઓડિશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની **3** તેમજ લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરની **1-1** બેઠક મળીને **49** બેઠકો માટે મતદાન થશે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------------

## સર્વોચ્ચ અદાલત-EVM-VPAT

સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - **EVM** અને **VVPAT** મશીનના ડેટાની **100** ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી છે. જો કે સર્વોચ્ચ અદાલતે ઇવીએમના ડેટા અંગે બે મહત્વના નિર્દેશો પણ આપ્યા છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી બેન્ચે ગત **18**મી એપ્રિલે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો. એ દિવસે અદાલતે આપેલા નિર્દેશ મુજબ ચૂંટણી પંચ દ્વારા ગઈકાલે જરૂરી પ્રતિભાવ અપાયા બાદ સર્વોચ્ચ અદાલતે આ કેસનો ચુકાદો આપ્યો છે.

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને ગઈકાલે આપેલા પહેલા મહત્વના નિર્દેશમાં  ઇવીએમમાં ચૂંટણી ચિન્હો લોડ કર્યા બાદ આ યંત્રોને સીલ કરીને તેમને કન્ટેનરમાં સુરક્ષિત રાખવાના રહેશે. ઉમેદવાર અથવા પ્રતિનિધિઓએ આ સીલ ઉપર હસ્તાક્ષર કરવાના રહેશે. ત્યારબાદ આ કન્ટેનરોને ઇવીએમ સાથે સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવા પડશે. કન્ટેનરોના સીલ ઇવીએમની સાથે જ ખોલવાના રહેશે. આ ઉપરાંત ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઈવીએમ અને કન્ટેનરોને ઓછામાં ઓછા **45** દિવસ સુધી સુરક્ષિત રાખવા પડશે.

સર્વોચ્ચ અદાલતે બીજા મહત્વપૂર્ણ નિર્દેશમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં કુલ ઇવીએમ મશીનો પૈકી પાંચ ટકા ઇવીએમ મશીનના કંટ્રોલ યુનિટ,  બેલેટ યુનિટ અને વીવીપીએટીની ઇવીએમ ઉત્પાદક એકમના ઇજનેરો દ્વારા ચકાસણી કરવાની રહેશે. જોકે આ માટે પરિણામ જાહેર થયા બાદ બીજા અને ત્રીજા ક્રમે રહેલા ઉમેદવારોએ પરિણામો જાહેર થયા બાદ સાત દિવસની અંદર અરજી કરવાની રહેશે.

અદાલતે વધુમાં જણાવ્યું છે કે આ સમગ્ર કામગીરીનો ખર્ચ જે-તે ઉમેદવારોએ ઉપાડવાનો રહેશે. પણ  જો ઇવીએમ સાથે ચેડા થયેલા જણાય તો આ ખર્ચ અરજી કરનાર ઉમેદવારોને રીફંડ રૂપે પરત આપવો પડશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## લોકસભા ચુંટણી પ્રચાર-૦૧-ભાજપ

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે આવશેતેઓ ગુજરાતની ચાર લોકસભા બેઠકો ઉપર વિજય .. સંકલ્પ સભા કરશે..શ્રી અમિત શાહ પોરબંદરના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાના પ્રચાર માટે જામકંડોરણા ખાતે સવારે દસ વાગે જાહેરસભા સંબોધશે. ત્યારબાદ ભરૂચમાં મનસુખ વસાવાના સમર્થનમાં અંકલેશ્વરના ખડોલી ખાતે બપોરે જનસભાને સંબોધન કરશે. ત્યાંથી શ્રી શાહ પંચમહાલના ઉમેદવાર રાજપાલસિંહ

યાદવના પ્રચાર માટે ગોધરામાં સાંજે વિજયસંકલ્પ સભા સંબોધશે જ્યારે સાંજે છ વાગે વડોદરાના ઉમેદવાર હેમાંગ જોષીના પ્રચાર માટે રાવપુરાના રણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતેથી અકોટા સુધીનો રોડ શો કરશે .

(RNU અમદાવાદ)

---

## લોકસભા ચુંટણી પ્રચાર-૦૨-કોંગ્રેસ

ગુજરાતમાં લોકસભા ચુટંણી સંદર્ભે કોંગ્રેસ પક્ષના નેતાઓએ ગઈકાલથી ગુજરાતમાં લોકસભા ચુટંણી સંદર્ભે પક્ષના પ્રચારનો આરંભ કર્યો છે.

છોટાઉદેપુર ખાતે ઇન્ડિયા ગઠબંધનમાંથી કોંગ્રેસના ઉમેદવાર સુખરામ રાઠવાના સમર્થનમાં જાહેરસભા યોજાઇ ગઇ. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા.

આજે કોગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વલસાડના ધરમપુર ખાતે જાહેરસભા સંબોધશે , જ્યારે ૨૮ એપ્રીલે વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ અભિષેક મનુ સિંઘવી અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજશે . ૨૯ એપ્રીલએ કોંગ્રેસ પક્ષનાં પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી પાટણ ખાતે ચુંટણી સભાને સંબોધન કરશે. કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા અલકા લાંબાજી ગુજરાતમાં પ્રચાર કરી મતદાન માટે લોકોને અપીલ કરશે. દરમિયાન કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ, અશોક ગહેલોત અને તેલંગાણાનાં યુવા મુખ્યમંત્રી રેવંતા રેડ્ડી પણ ગુજરાતમાં જાહેર સભા યોજી કોંગ્રેસ પક્ષનો પ્રચાર કરશે

(RNU અમદાવાદ)

---

## કચ્છ-લોકસભા ચુંટણી-મતદાન જાગૃતી

લોકસભા ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટી અંર્તગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે કલેકટર કચેરી ભુજ ખાતે મતદાન જાગૃતિ અંગેનું કચ્છી ગીત " આઉં ભારત ઐયાં" લોન્ચ કરીને તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા અનુરોધ કરાયો હતો.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------

## ક્રિકેટ-IPL

આઇ.પી.એલની ગઈકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે કોલકતા નાઈટ રાઇડર્સની ટીમને 8 વિકેટે પરાજિત કરી મહત્વપુર્ણ વિજય મેળવ્યો હતો. કોલકતાની ટીમે 6 વિકેટ ગુમાવી 261 રન કર્યા હતા. જવાબમાં પંજાબની ટીમે બે વિકેટ ગુમાવી 262 રનનું વિજયી લક્ષ્ય પાર પાડ્યું હતું. આઇ.પી.એલનાં સહુથી મોટા સ્કોરને આંબી પંજાબ ટીમે ઇતિહાસ રચ્યો હતો.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------